# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-09-2025** **Morning : 7.10 to 7.20**

**Day : Friday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1) વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હી ખાતે રોડ-શો યોજ્યો – ઔદ્યોગિક અગ્રણીઓને ગુજરાતમાં રોકાણ માટે આમંત્રણ આપ્યું.

2) આજે શિક્ષક દિવસ નિમિત્તે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ' યોજાશે

3) રાજ્યમાં મેઘમહેર યથાવત્ - 156 તાલુકામાં વરસાદ - સૌથી વધુ સાડા આઠ ઈંચ વરસાદ સુરતનાં ઉમરપાડા તાલુકામાં નોંધાયો

4) દક્ષિણ ગુજરાતમાં આગામી 2 દિવસ માટે અતિ ભારે વરસાદની આગાહી

5) આરોગ્ય જાગૃતિ શ્રેણી અંતર્ગત ગુજકોસ્ટ દ્વારા "સ્વસ્થ આંખો: ઉજ્જવળ ભવિષ્ય" વિષય પર કાર્યક્રમ યોજાયો.

---------------------------------------------------------------------------------------

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયાં)

(હવે પછી આપ સાત વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....)

# VIBRANT GUJARAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હી ખાતે અગ્રણી ઔદ્યોગિક સંગઠનનાં પદાધિકારી તેમજ વિવિધ મંત્રાલયનાં રાજદ્વારીઓ સાથે એક રોડ-શો કર્યો હતો.

ઉલ્લેખનીય છેકે 2027માં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત સમિટ પહેલા આવતા મહિનાથી ગુજરાતનાં વિવિધ પ્રાંતોમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજીનલ કોન્ફરન્સ યોજાશે. જે અંતર્ગત મુખ્યમંત્રીએ આ રોડ શો યોજ્યો હતો. મુખ્યમંત્રીએ રોકાણકારો સાથે સંવાદ પણ કર્યો હતો. તેમજ ગુજરાતમાં રોકાણ માટે આમંત્રણ આપ્યું હતું.

મુખ્યમંત્રીએ રોકાણકારોને ગુજરાતનાં પીએમ મિત્ર પાર્ક, બલ્ક ડ્રગ પાર્ક, એગ્રો પાર્ક, ધોલેરા SIR, સેમિકોન, સહિતનાં મેગા પ્રોજેક્ટની માહિતી આપી હતી.

તેમણે આગામી 9, 10 ઓક્ટોમ્બરે ઉત્તર ગુજરાતમાં યોજાનાર પ્રથમ રિજીનલ કોન્ફરન્સ તથા ત્યારબાદ યોજાનારી ત્રણ કોન્ફરન્સ ગુજરાતની વિકાસયાત્રાને વધુ વેગ આપશે. તેવો વિશ્વાસ વ્યકત કર્યો.

. . . . . . . . . .

# TEACHERS DAY

આજે શિક્ષક દિવસ છે. આ દિવસ શિક્ષણવિદ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં શિક્ષકોને રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કરશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શિક્ષકો સાથે વાતચીત કરી હતી. આ પ્રસંગે તેમણે કહ્યું કે શિક્ષકો માત્ર વર્તમાનને જ નહીં પરંતુ રાષ્ટ્રના ભવિષ્યને પણ આકાર આપે છે.

. . . .

# TEACHER AWARDS

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં આજે અમદાવાદમાં ‘શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ ’ યોજાશે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિતિ રહેશે. સાંભળીએ કે અહેવાલ...

(વોઇસ કાસ્ટ : મિતલ પટેલ)

(‘શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ ’માં પ્રાથમિક , માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો. કુબેર ડીંડોર તથા રાજ્ય મંત્રીપ્રફુલ પાનશેરીયા વિશેષ ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ વિભાગ અંતર્ગત આવતા કુલ ૩૦ શિક્ષકોને પારિતોષિક એનાયત કરાશે. જેમાં દેવભૂમિ દ્વારકાના મીઠાપુર હાઈસ્કૂલના શિક્ષક , વડોદરાના પાદરા તાલુકાના લુણા ગામની શાળાના શિક્ષિકા અને નર્મદા જિલ્લાની ગોરા પ્રાથમિક શાળાના શિક્ષકને પણ પુરસ્કારથી સન્માનિત કરાશે.

મિતલ પટેલ આકાશવાણી સમાચાર અમદાવાદ)

. . . . . .

# RAIN

રાજ્યમાં મેઘમહેર યથાવત્ રહેતા રાજ્યનાં 156 તાલુકામાં સૌથી વધુ - સાડા આઠ ઈંચ વરસાદ સુરતનાં ઉમરપાડા તાલુકામાં નોંધાયો છે.

આ ઉપરાંત ઝઘડીયા અને સોનગઢમાં પાંચથી છ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. અંકલેશ્વર, ભરૂચ, ધોલેરા, સિધવડ અને સંજેલી, ખંભાત ત્રણથી ચાર ઈંચ, તાલુકાઓમાં ત્રણથી ચાર ઈંચ વરસાદ નોંધાયો.

અમારા છોટાઉદેપુર જિલ્લાનાં પ્રતિનિધિ જણાવે છે કે, જિલ્લામાં ગઈકાલે ધોધમાર વરસાદ વરસતા નીચાનવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં છે. તો નદીઓમાં નવા નીર આવ્યા છે.

દ્વારકા જિલ્લાનાં ખંભાળિયા પંથકમાં ગાજવિજ પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યાના અહેવાલ છે.

કચ્છના ભચાઉમાં બે ઈંચ, રાપરમાં દોઢ ઈંચ અને અંજારમાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

અમારા સુરતના પ્રતિનિધી જણાવે છેકે, સુરત જિલ્લામાં ભારે વરસાદનાં પગલે નદીઓ ગાડીતૂર બની છે. માગરોળ તાલુકાઓના ગામડાઓમાં નદીઓનાં પાણી ફરી વળ્યાંના અહેવાલ છે. માંગરોળના કોસાળી ગામે કીમ નદીના પાણી ફરી વળતા સ્થાનિકો ચિંતામાં મૂકાયા છે.

ઉકાઈ ડેમની જળ સપાટી 337.90 ફૂટે પહોંચતા ડેમના બાર દરવાજા ખોલી તાપી નદીમાં પાણી છોડાઈ રહ્યું છે. કાંઠા વિસ્તારના 26 ગામોને એલર્ટ કરાયાં છે. ઉપરવાસમાં ભારે વરસાદના પગલે નર્મદા ડેમમાં પાણીની આવક વધતાં ડેમમાંથી 4.45 ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. સાવચેતીરૂપે નર્મદા, વડોદરા, ભરૂચ જિલ્લા ગામોને સતર્ક કરવામાં આવ્યાં છે.

. . . . .

# WEATHER

રાજ્યમાં હાલમાં 4 વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી હવામાન વિભાગે આગામી 5 દિવસ હળવાથી મધ્યમ વરસાદની સાથે દક્ષિણ ગુજરાતમાં આગામી 2 દિવસ માટે અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આ સાથે જ દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે આગામી 4 દિવસ સુધી 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

આજે દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી છે. ખાસ કરીને ડાંગ , નવસારી, વલસાડ, દમણ, અને દાદરા નગરહવેલીમા ભારે વરસાદ પડવાની શક્યતા છે. જેને લઈ હવામાન વિભાગના વડા ડૉ. એ. કે. દાસ વધુ માહિતી આપી રહ્યા છે..

**(બાઈટ – એ. કે. દાસ)**

. . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................

# MOCK DRILL

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના કુડા ગામે વાવાઝોડા અને પૂરની પરિસ્થિતિ અંગેની મોકડ્રીલ યોજાઇ

આ મોકડ્રીલ અંતર્ગત કલેકટર કચેરીના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ અને NDRF ની ટીમના સંયુક્ત ઉપક્રમે કવાયત હાથ ધરવામાં આવી હતી.

મોકડ્રીલમાં ગામલોકોને આગોતરી ચેતવણી , સ્થળાંતર, શોધ અને બચાવ જેવી કામગીરીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મોકડ્રીલ બાદ કુડા ગામ પાસે આવેલ કોઝ-વે ની પણ મુલાકાત કરવામાં આવી હતી.

. . . . .

# GUJCOST

ગુજકોસ્ટ દ્વારા ગઇકાલે "સ્વસ્થ આંખો: ઉજ્જવળ ભવિષ્ય - તમારી આંખોની સંભાળ રાખો" વિષય પર આરોગ્ય જાગૃતિ વાર્તાલાપનું આયોજન કરાયું હતું. GUJCOST ના RSC અને CSC ખાતે 5 હજારથી વધુ લોકોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી

આ સત્રમાં નેત્રરોગ ચિકિત્સા ક્ષેત્રના પ્રખ્યાત તબીબી નિષ્ણાતોએ ભાગ લીધો હતો, જેમણે આંખની સંભાળ અને સ્વસ્થ દ્રષ્ટિ જાળવવાના મહત્વ પર ભાર મૂકતાં આંખની સામાન્ય સમસ્યાઓ માટે નિવારક પગલાં , નિયમિત આંખ તપાસની ભૂમિકા, જીવનશૈલી અને ડિજિટલ સ્ક્રીન એક્સપોઝરની દ્રષ્ટિ પર અસર અને રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ક્ષતિ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ સરકારી પહેલ સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે GUJCOST દર મહિને નિયમિત ધોરણે આ આરોગ્ય જાગૃતિ શ્રેણીનું આયોજન કરવા માટે પ્રતિબદ્ધ છે.આગામી વાર્તાલાપ 9 ઓક્ટોબર-ગુરુવાર ના રોજ "તમારા શ્વાસનું રક્ષણ: મજબૂત ફેફસાં માટે રોજિંદા વ્યવહાર" વિષય પર યોજાશે.

. . .

# GST - DELHI

દિલ્હી ખાતે GST કાઉન્સિલની ૫૬ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયને દમણ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા આવકારવામાં આવ્યા છે. ઇલેક્ટ્રોનિક વસ્તુઓ પર માત્ર 5 ટકા GST લાગુ થવાથી ગ્રાહકોની માંગમાં વધારો થશે અને તેનો સીધો લાભ સ્થાનિક ઉદ્યોગોને મળશે. દમણમાં ૩ હજાર થી વધુ નાના –મોટા ઉદ્યોગો કાર્યરત છે , જેને આ નવા નિયમોથી પ્રોત્સાહન મળશે. આ નિર્ણયને દમણ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ પવન અગ્રવાલ પણ આવકારી રહ્યા છે.

બાઈટ : પવન અગ્રવાલ (પ્રમુખ – દમણ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન)

. . . . . . . .

# GIR SOMNATH - SPACE

ગીર સોમનાથના ભેટાળી ગામના શિક્ષકે શાળામાં ચંદ્રયાન-૩ની પ્રતિકૃતિ સ્થાપિત કરી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા છે. દોઢ લાખના પોતાના યોગદાન થકી ચંદ્રયાન-૩ની ૧૫ ફૂટ ઊંચી પ્રતિકૃતિ સ્થાપિત કરી વિદ્યાર્થીઓમાં અવકાશ પ્રત્યેની જિજ્ઞાસાને જાગૃત કરવાનું કામ કર્યું છે. જેમણે ચંદ્રયાન-૩ની પ્રતિકૃતિ બનાવી તે શિક્ષક અનિલભાઈ પંપાણિયા વધુ માહિતી આપી રહ્યા છે.

(બાઈટ -- અનિલભાઈ પંપાણીયા, શિક્ષક)

. . . . . . .

# EID

ઈસ્લામ ધર્મનાં પગંમ્બર હઝરત મોહમ્મદ રસૂલલાનાં જન્મદિવસ નિમિત્તે આજે ઈદે-મિલાદ ઉજવાશે. જે અંતર્ગત આજે અમદાવાદમાં ભવ્ય જુલૂસનું આયોજન કરાયું છે. આજે બપોરે જમાલપુર દરવાજા ખાતેથી જગન્નાથ મંદિરનાં મહંત, જામા મસ્જિદનાં આલમ, કોર્પોરેશનનાં પદાધિકારીઓ તથા હિન્દુ-મુસ્લિમ સમાજનાં ધાર્મિક અગ્રણીઓ આ જુલૂસને પ્રસ્થાન કરાવશે.

આ જુલૂસ જમાલપુરથી ખમાસા થઈ વિવિધ વિસ્તારોમાં ફરશે. અને કુરેશી ચોક ખાતે ધાર્મિક સભા બાદ પૂર્ણ થશે. આ જુલૂસમાં ઘોડાગાડી, વિવિધ ટેબ્લો, અખાડા, અલમ પાર્ટી જોડાશે.

. . . . .